## ફોર્મ – એ

| એડીશન સેશન્સ જજશ્રીની કોર્ટમાં, પાટણ-મું.રાધનપુર.<br>શ્રી આર.આર.ચૌધરી, એડીશનલ સેશન્સ જજ.<br>ચૂકાદાની તારીખ - ૦૭/૦૩/૨૦૨૬<br>**સ્પે.ઇલેકટ્રી સીટી કેસ નં. ૦૬/૨૦૨૧**<br>આંક -<br>**એફ.આઈ.આર. :-** મહેસાણા પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં.૨૯૭૧/૨૦૨૦<br>**ગુન્હો :-** ધી ઇન્ડી. ઇલેકટ્રીસીટી એકટ-૨૦૦૩ની કલમ- ૧૩૫(૧) બી મુજબ.<br>**પોલીસ સ્ટેશન :-** મહેસાણા પોલીસ સ્ટેશન. | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર<br>(મૂળ ફરીયાદી શ્રી મિતલકુમાર હરીભાઇ શાહ, નાયબ ઇજનેર યુ.જી.વી.સી.એલ, વારાહી સબ ડિવીઝન<br>રહે. ૧૮/શીવ સાનિધ્ય સોસા.તળેટી રોડ સોમનાથ મંદિર પાસે.મહેસાણા |
| આરોપી | **પ્રભુભાઇ સેંધાભાઇ ઠાકોર, ઉ.વ.૩૮,**<br>રહે. ગડસઇ ચામુંડાવાસ તા.સાંતલપુર જી.પાટણ. |
| સરકાર તરફે વકિલશ્રી | વિ.એ.પી.પી.શ્રી એસ.કે.પટેલ |
| આરોપી તરફે વિ.વ.શ્રી | એફ.એમ.શેખ |

## ફોર્મ – બી

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૧૧/૧૨/૨૦૨૦ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૧૫/૧૨/૨૦૨૦ |
| નીચેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ થયા તારીખ | ૧૫/૧૨/૨૦૨૦ |
| કેસ કમિટ થયા તારીખ | ૧૬/૧૧/૨૦૨૧ |
| સેશન્સ કોર્ટમાં કેસ રજીસ્ટર્ડ થયા તારીખ | ૧૫/૦૯/૨૦૨૧ |
| તહોમત ફરમાવ્યા તારીખ | ૨૯/૦૩/૨૦૨૩ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૨૯/૦૩/૨૦૨૩ |
| ચૂકાદો સંરક્ષિત રાખ્યાની તારીખ | ૦૭ /૦૩/૨૦૨૬ |
| ચૂકાદાની તારીખ | ૦૭ /૦૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો. | આખરી હુકમ મુજબ |

## આરોપીની વિગત

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તેની તારીખ | કયા ગુનાનો આક્ષેપ છે. | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર | શું સજા કરી | સી.આર. પી.સી.ની કલમ- ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવાં સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પ્રભુભાઇ સેંધાભાઇ ઠાકોર, | -- | -- | ધી ઇન્ડી. ઇલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ની કલમ- ૧૩૫(૧) બી મુજબ. | આખરી હુકમ મુજબ | આખરી હુકમ મુજબ | -- |

## ફોર્મ – સી
## ફરીયાદ પક્ષના સાહેદોનું લીસ્ટ
## ફરીયાદ પક્ષ તરફે રજૂ થયેલ મૌખિક પુરાવો

| સાહેદ નં. | સાહેદનું નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | મિતલકુમાર હરીભાઇ શાહની જુબાની | ફરીયાદી | ૧૭ |
| ૨ | પંચ સાહેદ મોમજીભાઇ સાંકાભાઇ ઠાકોર ની જુબાની | પંચસાહેદ | ૨૩ |
| ૩ | પંચ સાહેદ નરેશભાઇ નરસિંહભાઇ ઠાકોર ની જુબાની | પંચસાહેદ | ૨૫ |
| ૪ | પંચ સાહેદ જીતેન્દ્રકુમાર બચુભાઇ જોષીની જુબની | પંચસાહેદ | ૨૬ |
| ૫ | કમલેશકુમાર બાબુભાઇ શ્રીમાળીની જુબાની | સાહેદ | ૩૧ |
| ૬ | મથુરભાઇ તુલસીભાઇ ચૌધરીની જુબાની | સાહેદ | ૩૩ |
| ૭ | મનુભાઇ કચરાભાઇ જાદવની જુબાની | સાહેદ | ૩૪ |
| ૮ | ગજેન્દ્રસિંહ લાલસિંહ રાઠોડ જુબાની | ત.ક.અ | ૩૭ |
| ૯ | દિનેશભાઇ રેવાભાઇ ચૌધરીની જુબાની | સાહેદ | ૪૦ |

## ફરીયાદ પક્ષ તરફે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવો

| અનુ. નં. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૮ | ફરીયાદ |
| ૨ | ૧૯ | આરોપીનુ વીજ બીલ ચોરી. |
| ૩ | ૨૦ | વીજ-બીલ ગણતરી એનેરક્ષ-સી. |
| ૪ | ૨૧ | ઉ.ગુ.વીજ કંપની લિ.ગેટ પાસ મુદ્દામાલ જમા. |
| ૫ | ૨૨ | ઓથોરીટી લેટર. |
| ૬ | ૨૪ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું. |

| | | |
|---|---|---|
| ૭ | ૨૭ | મુદ્દામાલ રજી વાયર મીટરનું પંચનામું. |
| ૮ | ૨૮/૨૯ | પંચ સ્લીપો. |
| ૯ | ૩૨ | વીજ-ચેકીંગ સમયે કરેલ તપાસણી મુદ્દામાલ અહેવાલ. |
| ૧૦ | ૩૮ | ડેપ્યુટ હુકમ. |
| ૧૧ | ૩૭ | સ્ટેશન ડાયરી એન્ટ્રી નં. ૨૧/૨૦૨૦ ની ખરી નકલ. |
| ૧૨ | ૪૧ | કલોઝીંગ પુરસીસ |

**-:: ઠરાવ ::-**

**(૧)** આ કામના ફરીયાદીની ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના તહોમતદારે વીજ ગ્રાહક હોવા છતાં તા.૧૧/૧૨/૨૦૨૦ના રોજ ક.૧૦:૩૦ વાગ્યાના સુમારે આરોપીના ઘરે વીજ ચકાસણી કરતા તમો યુ.જી.વી.સી.એલ કંપનીના ગ્રાહક હોવા છતાં પોતાનુ વીજ મીટર બાયપાસ કરી બીન અધિકૃત રીતે વીજ લાઇનમાંથી ડાયરેકટ વીજ વપરાશ કરી રૂા.૧૯૬--૭૨ પૈસા ની વીજ ચોરી કરતા પકડાઇ ગયેલ અને તે રીતે આરોપીએ ધી ઇન્ડી. ઇલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ની કલમ-૧૩૫(૧)બી મુજબનો ગુનો કર્યાની ફરીયાદ જી.યુ.વી.સી. એલ.પો.સ્ટે. મહેસાણા ફ..ગુ.ર.નં.૨૯૭૧/૨૦૨૦ થી તા.૧૫/૦૯/૨૦૨૧ ના રોજ રજીસ્ટર લેવાયેલ અને તેની તપાસના અંતે જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.કલાસ કોર્ટ વારાહી સમક્ષ આરોપી સામે ચાર્જશીટ રજૂ થયેલ અને ફો.કેસ નં.૨૫૯૯/૨૦૨૧ આપવામાં આવેલ ત્યારબાદ વિ. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.કલાસ વારાહીનાઓએ તા.૧૬/૧૧/૨૦૨૧ ના રોજ આંક-૧નીચે કામ કમીટ કરી નામદાર સ્પેશ્યલ કોર્ટ, રાધનપુર મુકામે મોકલી આપવાનો હુકમ કરેલ અને નામદાર સેશન્સ કોર્ટ, રાધનપુર ખાતે સ્પે.ઇલેકટ્રીસીટી કેસ નં.૦૬/૨૦૨૧ પડેલ છે અને આરોપી હાજર થયેલ અને આરોપીને પોલીસ પેપર્સની નકલો વિનામૂલ્યે આપ્યાની ખાતરી કર્યા બાદ અત્રેની કોર્ટ ધ્વારા તા.૨૯/૦૩/૨૦૨૩ ના રોજ સાંભળીને સિવિલ લાયાબીટીનો ચાર્જફ્રેમ સાથે મુદ્દો કાઢવાનો હુકમ કરેલ અને આંક-૧૧ થી આરોપી સામે ધી ઇન્ડી. ઇલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ની કલમ-૧૩૫(૧)બી મુજબ ચાર્જફ્રેમ કરવામાં આવેલ તથા સિવિલ લાયાબીલીટી બાબતે શું ફરિયાદી સાબિત કરે છે કે તહોમતદાર પાસેથી વીજ ચોરીની રકમ મેળવવા હકદાર છે? અને જો હોય તો કેટલી રકમ મેળવવા હકદાર છે? અને વધુમાં જો રકમ તહોમતદારે ભરી દીધી હોય તો સિવિલ લાયાબીલીટીના અનુસંધાને કોઇ રકમ પરત મેળવવા હકદાર છે ? તે બાબતે મુદ્દો મુકરર

કરવામાં આવેલ અને આરોપીએ આંક-૦૫ ના નિવેદનમાં ગુનાનો ઇન્કાર કરતાં ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

## તપાસ અને ચાર્જશીટ

**(૨)** ફરીયાદપક્ષે સાહેદ નં.૮ ગજેન્દ્રસિંહ લાલસિંહ રાઠોડનાઓ તા.૧૫/૧૨/૨૦ ના રોજ તેઓ જી.યુ.વી.એને.એલ.પો.સ્ટે. મહેસાણા ખાતે પી.એસ.ઓ તરીકે ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન ફરીયાદીની ફરીયાદ લેખિતમા આપતા તે આધારે જીયુવીએનએલ પો.સ્ટે મહેસાણા પો.સ્ટે. સે.ગુ.ર.નં.૨૯૭૧/૨૦ થી ઇલેકટ્રીસીટી એકટની કલમ-૧૩૫(૧)(બી) મુજબ ગુનો રજીસ્ટર કરી આ કામના બનેલ અસલ કાગળો તથા અસલ ફરીયાદ ડેપ્યુટ હુકમ સાથે પો.ઇન્સ. નટવરભાઇ મગનભાઇનાઓને આગળની તપાસ અર્થે સોંપત તેઓને તપાસ સંભાળી લીધેલ. ત્યારબાદ ફરીયાદી સાહેદોના નિવેદનો લીધેલા અને ગુનાવાળી જગ્યાએ જઈ બે પંચો નજીકમાંથી બોલાવી ગુનાવાળી જગ્યાનુ પંચનામું કરેલુ ત્યારબાદ વાયરો તથા મીટર કબજે કરેલ જે મુદામાલ પંચોની રૂબરૂમા કબજે કરી પંચોએ લખાવ્યા મુજબનુ પંચનામુ લખી લીધેલ જે યુ.જી.વી.સી.એલ.,વારાહી સબ ડિવીઝન નાયબ ઈજનેરશ્રીની કચેરી ધ્વારા તેઓની પાસે રજુ કરવામાં આવેલ અને જે રજુ થયા બાદ તે અંગેનુ પંચનામુ કરી તેઓએ કબજે લીધેલ. ત્યારબાદ તેઓએ આરોપી પાસેથી ઓળખના પુરાવા તરીકે તેમના આધારકાર્ડની નકલ મેળવેલી તથા મીલ્કતના પુરાવા તરીકે તેમના મકાનનો વેરો ભર્યા અંગેની પાવતી મેળવેલી ત્યારબાદ આરોપીને સી.આર.પી.સી. કલમ-૪૧(૧) મુજબની નોટીસ આપેલી. ઉપર મુજબની કાર્યવાહી કર્યા બાદ આ કામના આરોપીએ યુ.જી.વી.સી.એલના ગ્રાહક હોવા છતાં પોતાનુ વીજ મીટર ડાયરેકટ બાયપાસ કરી બીન અધિકૃત રીતે મકાનમાં વીજ વપરાશ કરી વીજચોરી કરતા હોઈ તેઓની સામે ઈલેકટ્રીસીટી એકટની કલમ-૧૩૫(૧)બી મુજબનો ગુનો થતો હોઈ તે ગુનો નોંધી ઉપર મુજબની વીજચોરી કરતા આરોપીએ અંદાજીત રૂા.૧૯૬-૭૨ પૈસા ની વીજચોરી કરેલાનુ માલુમ પડતાં ધોરણસરની સદર ગુનાના કામે તપાસ કરી આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા મળતા મુદતમાં નામ.કોર્ટ રૂબરૂ સદર ગુનાનુ ચાર્જશીટ કરેલ.

## કમીટલ કાર્યવાહી

**(3)** આ કામના આરોપી વિરુધ્ધ વિ.એડી.ચીફ જયુડી.મેજી.કોર્ટ, રાધનપુર કોર્ટમા હાજર થતા, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ અન્વયે તેઓને વિના મુલ્યે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવેલી અને તા.૧૬/૧૧/૨૦૨૧ના રોજ આંક-૧નીચે હુકમ કરી ક્રિમીનલ કેસ નં.૨૫૯૯/૨૦૨૧ ને અત્રેની એડીશ્નલ સેશન્સ કોર્ટમાં કમીટ કરવામાં આવેલ, જેને સેશન્સ કેસ નં.૦૬/૨૦૨૧ થી દાખલ કરવામાં આવેલ.

## <u>તહોમતનામુ-જવાબ</u>

**(૪)** આ કામના ઓરોપી કોર્ટમાં હાજર થતાં, તેમની સામેના હાલના ગુનાની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલી. ત્યારબાદ આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો મળેલ છે કે કેમ, તેની ખાતરી કરી, આ કામના આરોપી સામે આંક-૧૧ થી ધી ઇન્ડી. ઇલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ની કલમ-૧૩૫(૧)બી મુજબના ગુનાઓનું તહોમતનામું ફરમાવવામાં આવેલ અને આંક-૧૨ થી આરોપીનું નિવેદન નોંધવામાં આવેલ, જેમાં આરોપીએ તેમને ગુન્હો કરેલ નથી અને કેસ આગળ ચલાવવો છે તેવુ જણાવતા, આરોપી સામેના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

## <u>સી.આર.પી.સી ની કલમ-૩૧૩ અન્વયની કાર્યવાહી</u>

**(૫)** ફરીયાદ પક્ષે આંક-૪૧ થી રજુ થયેલ પુરસીસથી પુરાવો પુર્ણ થયાનું જાહેર કરેલ છે. ત્યારબાદ આરોપીઓનું સી.આર.પી.સી.ની કલમ-૩૧૩ મુજબ નીવેદન લેવામાં આવેલ છે.જેમાં તેઓને વિશેષમાં કાંઇ કહેવું છે? તેવું પુછતા તેઓએ જણાવેલ છે કે, “અમો આરોપી સામે ખોટો કેસ કરેલ છે.”. ત્યારબાદ અત્રેની કોર્ટ દવારા ચુકાદો આરક્ષિત રાખવામાં આવેલ. ત્યારબાદ બન્ને પક્ષોની મૌખીક દલીલો સાંભળેલ

**(૬)** આ કેસમા બન્ને પક્ષોની દલીલો તેમજ રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવો વંચાણે લેતા આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

<u>**-:: મુદ્દા ::-**</u>

**મુદ્દા નં. ૧ :-** શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના તહોમતદારે વીજ ગ્રાહક હોવા છતા તા.૧૧/૧૨/૨૦૨૦ના રોજ ક.૧૦:૩૦ વાગ્યાના સુમારે આરોપીના ઘરે વીજ ચકાસણી કરતા તમો યુ.જી.વી.સી.એલ કંપનીના ગ્રાહક હોવા છતાં પોતાનુ વીજ મીટર બાયપાસ કરી બીન અધિકૃત રીતે વીજ લાઇનમાંથી ડાયરેકટ વીજ વપરાશ કરી રૂા.૧૯૬--૭૨ પૈસાની વીજ ચોરી કરતાં જી.ઇ.બી.ના અધિકારી/કર્મચારીઓ ધ્વારા હાથધરેલ વીજ ચેકીંગ દરમ્યાન પકડાઇ જઇ ધી ઇન્ડી. ઇલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ની કલમ-૧૩૫(૧)બી મુજબના શિક્ષા ને પાત્ર ગુન્હા કરેલ છે ?

**મુદ્દા નં.૨:-** શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ વીજ ચોરી કરેલ છે અને આરોપીની વીજ ચોરીના બીલની રકમ રૂા.૧૯૬--૭૨ પૈસા ભરવાની જવાબદારી છે અને આરોપીની સિવિલ લાયાબીલીટી છે અને આરોપી પાસેથી વીજ ચોરીની રકમ મેળવવા હકદાર છે અને જો હકદાર હોય તો વ્યાજ સાથે મેળવવા હકદાર છે?

**મુદ્દા નં. ૩ :-** શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દા પરત્વેનાં મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે :-

**મુદ્દા નં. ૧ :-** નકારમાં

**મુદ્દા નં. ૨:-** નકારમાં

**મુદ્દા નં. ૩ :-** આખરી હુકમ મુજબ

**-:: કારણો ::-**

**મુદ્દા નં. ૧ થી ૩ :-**

**(૮)** ઉપરોકત મુદ્દા નં. ૧ થી ૩ નિર્ણીત કરવા માટે આ કેશ ના તથ્થયો તથા પુરાવો બનાવ એક સાથે સંકળાયેલ છે જેથી આ મુદ્દા નં. ૧ થી ૩ ના કારણો એક જ સાથે આપવામા આવે છે.

**ફરીયાદીના પુરાવાનું મુલ્યાંકન**

**(૮.૧)** ફરીયાદપક્ષે આંક-૧૭ થી સાહેદ નં.૧ મિતલકુમાર હરીભાઇ જંગરાલને તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની ધ્યાને લેતાં તેઓએ ફરીયાદ હકીકત મુજબની હકીકત જણાવી આંક-૧૮ થી રજુ ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે પરંતુ તેઓની ઉલટ તપાસ ધ્યાને લેતાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદ લેખીતમાં અને તૈયાર પ્રિન્ટેડ ફોમમા આપેલી. ફરીયાદમાં તેઓની કંપનીના માણસો સ્વિાય બીજા તટસ્થ સાહેદોના નામ જણાવેલા નથી. ફરીયાદ આપતી વખતે કોઇ ઠરાવ રજુ કરેલ નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, તેઓની નિમણુક ઇલેકટ્રીસીટી એકટ-૨૦૦૩ ની કલમ-૧૩૫ મુજબની જોગવાઇમાં એસાઇનીંગ ઓફીસર તરીકે તેઓની કોર્પોરેટ ઓફીસ ધ્વારા કરવામાં આવેલ છે અને તે ઓથોરાઇઝેશન તેઓ રજુ કરી શકે છે. ઓથોરાઇઝેશન લેટર સાથે લાવેલ છે. જે આજ રોજ રજુ કરેલ છે. ફરીયાદીના ચીફ ઇજનેર બી.આર.જોષી સાહેબની સહી છે જે ઓથોરીટી લેટર મુજબ ઓથોરાઇઝ ઓફીસર તરીકે નીમણુક કરેલ છે જેને રજુ દા.આંક-૨૨ આપવામાં આવે છે.

આંક-૨૨ વાળો લેટર કે તેઓના નામ જોગ નીમણુકનો લેટર ફરીયાદ આપતી વખતે પોલીસને આપેલ નથી. ફરીયાદ બનાવના ચાર દિવસ બાદ આપેલી આંક-૧૮ વાળી ફરીયાદમાં ચેકીંગનુ સ્થળ રહેણાંક મકાન હતુ કે ઓફીસ હતી કે દુકાન હતી કે શેડ હતો કે ફેકટરી હતી કે ખેતર હતુ તે સ્પષ્ટ જણાવેલ નથી. વિરુભા બદસંગ સોલંકી વીજ ચેકીંગમાં ગયેલ ન હતા. વિરુભા ચેકીંગમાં ગયેલ ન હોવા છતાં તેઓની ફરીયાદમાં વિરુમાનુ નામ લખેલ છે. તેઓ વીજ ચેકીંગમાં સાથે ગયેલ નહી. બનાવ સમયે કયા સ્થળે ચેકીંગ કરવામાં આવેલ તેની જાત માહીતી નથી. જયારે ફરીયાદ દાખલ કરી ત્યારે આરોપી ઉપર અગાઉ વીજચોરીની ફરીયાદ થયેલ છે તેની વિગતો હતી. તે પ્રથમ ફરીયાદ દરમ્યાન આરોપીનુ વિજ મીટર કબજે લેવામાં આવેલ. પ્રથમ ફરીયાદમાં આરોપીને જે વીજ ચોરીનુ બીલ અને દંડની રકમ ભરવા નોટીસ આપેલી તે રકમ આરોપીએ ભરપાઇ કરેલી. અત્રે એ હકીકત ઉલ્લેખનિય છે કે, બનાવ તા. ૧૧/૧૨/૨૦૨૦ ના રોજ બનેલ છે જેની ફરીયાદ તા.૧૫/૧૨/૨૦૨૦ ના રોજ એટલે કે ૪ દિવસ પછી નોંધાયેલી છે. ઇલેક્ટ્રીસીટી એક્ટ-૨૦૦૩ ની કલમ-૧૩૫ વંચાણે લઇએ તો ગુનો બન્યા બાદ તે અંગેની ફરીયાદ ચોવીસ કલાકમાં નોંધાવવી તે આદેશાત્મક જોગવાઇ છે, જેનો આ કેસમાં દેખીતો ભંગ થયેલ જણાય છે. સદર કામે બચાવપક્ષે ફરીયાદ વિલંબથી દાખલ કરવામાં આવેલ હોવાનો બચાવ લીધેલ છે. નામદાર ગુજરાત હાઇકોર્ટના નરેન્દ્રભાઇ રેવાભાઇ પટેલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમીનલ અપીલ નં.૧૦૬૧/૨૦૧૦ માં પેરા-૭ માં નીચે મુજબનું અવલોકન કરવામાં આવેલ છે.

Therefore, the Section 135(1A) specifically debarred the filing of a complaint by an unauthorized officer and a time limit is prescribed for filing such a complaint which is only twenty four hours from the time of disconnection. When the word "shall" is used in such proviso for filing a complaint, it becomes clear that it is mandatory provision and, thereby, complaint must be filed within twenty four hours of disconnection of supply and thereby, if it is not filed within twenty four hours certainly, it will go in favour of the accused and against the prosecution to proceed further in such a complaint. Similarly, when there is a specific provision regarding disconnection and filing of complaint by authorized officer alone, it is the basic requirement of the prosecution to prove the authorization by the officer who has ordered to discontinue the power and the officer who has lodged the complaint. If it is not properly proved on record, then also, the prosecution and thereby, conviction of the appellant would result into nullity and in such situation, in absence of proper evidence regarding authorization, the acquittal in required to be confirmed in favour of the accused.

**<u>નજરે જોનાર સાહેદોના પુરાવાનું મુલ્યાંકન :-</u>**

**(૮.૨)** આ બનાવમાં આંક-૩૧ વાળા સાહેદ નં.૫ કમલેશકુમાર બાબુભાઇ શ્રીમાળીનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં તેમની તપાસને અનુરુપ જુબાની આપેલ છે પરંતુ તેઓની ઉલટ તપાસ ધ્યાને લેતાં તેઓએ મુખ્યત્વે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની યુ.જી.વી.સી.એલ કચેરીમાં કંપની તરફથી વારંવાર ચેકીંગમાં જવાની અને વીજચોરીઓ પકડવાની સુચનાઓ આવતી હોય છે. તે સાથે ટાર્ગેટ પણ આપવામાં આવે છે. ચેકીંગમાં ગયા બાદ પોલીસે કયારેય બોલાવેલ નથી. જે જગ્યાએ ચેકીંગમાં ગયા તે જગ્યાનો વીજ પોલનો નંબર તપાસણી અહેવાલમાં લખેલ નથી. જે જગ્યાએ ચેકીંગમાં ગયેલા તે મકાન કોની માલીકીનુ છે અને કોણ રહે છે તે અંગેના કોઇ આધાર તેઓની હાજરીમાં કબજે લીધેલા નહી. કહેવાતા વીજ ચેકીંગના સ્થળે મુદ્દામાલ કબજે કર્યાનુ કોઇ પંચનામુ તેઓની હાજરીમાં થયેલ નથી. ચેકીંગ વખતે તલાટી કે સરપંચ હાજર ન હતા. તપાસણી અહેવાલ આમારા જુની. એન્જી. એ તૈયાર કરેલો અને તેમા સહી કરેલી. તપાસણી અહેવાલના લખાણ બાબતે કંઇ જાણતા નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે.

**(૮.3)** આ કામે આંક-૩૩ વાળા સાહેદ નં.૬ મથુરભાઇ તુલસીભાઇ ચૌધરીને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં તેમની તપાસને અનુરુપ જુબાની આપેલ છે પરંતુ તેઓની ઉલટ તપાસ ધયાને લેતાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ચેકીંગ માટેની આશરે છ થી સાત ટીમો નીકળેલી. તેઓની ટીમ અંદાજે સવારે પોણા સાત સુઇગામ સબ ડીવીઝનથી નીકળેલી અને ૮:૩૦ કલાકે વારાહી સબ ડીવીઝને પહોચેલા. જયાંથી નીકળ્યા ત્યાંથી વારાહી સબ ડીવીઝન આવતા રસ્તામાં જેટલા ગામો આવે તેમાં ચેકીંગ કરતા કરતા આવવાનુ હોય સાહેદ સ્વૈચ્છાથી જણાવે છે કે, અમને વડી કચેરીથી આદેશ હતો કે તેઓની કચેરીથી આદેશ હતો કે અમારી કચેરીથી સીધા વારાહી સબ ડીવીઝનમાં જવાનુ હતુ તેથી સીધા વારાહી સબ ડીવીઝન ખાતે ગયેલા રસ્તામાં કોઇ જગ્યાએ ચેકીંગ કરેલ નથી. વારાહી અમો એક થી દોઢ કલાક જેટલો સમય રોકાયેલા. વારાહી સબ ડીવીઝનમાંથી નીકળી રસ્તામાં મોટીપીંપળી, નાનીપીંપળી વિગેરે સાત આઠ ગામડાઓ આવેલા. અમો ત્યાં જવાના હતા તે ટીમ લગત પંચનામું કરેલ નહી. ચેકીંગ કરતી વખતે કોઇ સ્થાનિક પંચનામું કરેલ નહી. ચેકીંગ કરતી વખતે ગામના સ્થાનિક સરપંચ કે તલાટીને જાણ કરેલ ન હતી. કે તેમને સાથે રાખે ન હતા. બનાવવાળી જગ્યાના માલીકી અંગેના કોઇ દસ્તાવેજી પુરાવા એકત્રીત કરેલ નથી. થાભલાનો પોલ નંબર હાલમાં કહી શકુ નહી. તે હકીકતનો સ્વીકારેલ છે.

**(૮.૪)** આંક-૩૪ વાળા સાહેદ નં.૦૭ મનુભાઇ કચરાભાઇ જાદવનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ તેમની તપાસને અનુરુપ જુબાની આપેલ છે પરંતુ તેઓની ઉલટ તપાસ ધ્યાને લેતાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, જગ્યાની કોઇ વીડીયોગ્રાફી કે ફોટોગ્રાફી કરેલ નથી. હાજરીમાં બનાવવાળી જગ્યાના માલીકી અંગેના કોઇ દસ્તાવેજ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. જે વાયર ઉતારેલ હશે તે વાયર બજારમાં સહેલાઇથી મળી શકે તેવો હશે. તેવુ સ્વીકારેલ છે.

આમ, ઉપરોકત નજરે જોનાર સાહેદોની જુબાની થકી આરોપી સામેના આક્ષેપીત તહોમત સંદર્ભે તેઓની ઉલટ તપાસ ધ્યાને લેતાં જયારે આરોપવાળી મિલકતનો કે પછી વીજપોલનું આરોપ વાળી જગ્યાથી કેટલું અંતર છે તે અંગેનો કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ નથી તેમજ મુદ્દામાલ સ્ટોરમા જમા થયાની કે મુદ્દામાલ આપ્યાની કોઇ પાવતી ત.ક.અમલદાર રૂબરૂ રજુ કરેલ નથી ત્યારે હાલના કામે પકડાયેલ મુદ્દામાલ વાયર સહેલાઇથી બજારમાં મળી શકે તેવો હોવાનું પણ જણાઇ આવતુ હોય ત્યારે આરોપી સામેના આક્ષેપીત તહોમત સંદર્ભે ઉપરોકત સાહેદોની જુબાની થકી શંકા ઉપસ્થીત થઇ આવે છે. સદરહુ સાહેદની જુબાની ધ્યાને લેતાં પણ ચોરી વાળી જગ્યા તે આરોપીની સ્વતંત્ર માલીકીની હોય તેવું કયાંય પુરવાર થઇ આવતું નથી કારણ કે સદરહુ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદ દાખલ થયા બાદ આશરે સવા વર્ષ બાદ નિવેદન લેવામાં આવેલ. રેઇડ સમય તેઓ હાજર ન હોવાનું જણાવેલ છે તેમજ વિજ ચોરી જે દિવસે પકડવામાં આવેલ તેના ૧૮ દિવસ બાદ ફરીયાદ આપેલ હોવાનુ સ્વીકારેલ છે.

**<u>પંચસાહેદોના પુરાવાનું મુલ્યાંકન</u>**

**(૮.૫)** ફરીયાદપક્ષે આંક-૨૩ થી સાહેદ નં.૨ પંચસાહેદ મોમજીભાઇ સાંકાભાઇ ઠાકોર તથા આંક-૨૫ થી પંચસાહેદ નં.૩ નરેશભાઇ નરસિંહભાઇ ઠાકોર તેઓએ તેમની સરતપાસમાં તેમની જુબાની થકી આંક-૨૪ થી રજુ ગુનાવાળી પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય તેઓને ફરીગયેલા જાહેર કરી હોસ્ટાઇલ કરવામાં આવેલ છે. જેથી સદરહુ પંચસાહેદોની જુબાની થકી આંક-૨૪ થી રજુ રિકવરી પંચનામું પુરવાર થઇ આવતું નથી.

**(૮.૬)** ફરીયાદપક્ષે આંક-૨૬ થી સાહેદ નં.૪ પંચસાહેદ જીતેન્દ્રકુમાર બચુભાઇ જોષી તેઓની જુબાની થકી આંક-૨૭ થી રજુ રીકવરી જગ્યાના પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય તેઓને ફરીગયેલા જાહેર કરી હોસ્ટાઇલ કરવામાં આવેલ છે.જેથી સદરહુ પંચસાહેદોની જુબાની થકી આંક-૨૭ થી રજુ ગુનાવાળી જગ્યાનું પંચનામું પુરવાર થઇ આવતું નથી.

<u>**ત.ક.અમલદારના પુરાવાનું મુલ્યાંકન**</u>

**(૮.૭)** ફરીયાદપક્ષે આંક-૩૭ વાળા સાહેદ નં.૮ ગજેન્દ્રસિંહ લાલસિંહ રાઠોડ ધ્યાને લેતાં તેઓએ તેમની ફરજના ભાગરુપે હકીકત જણાવેલ છે પરંતુ તેઓની ઉલટ તપાસ ધ્યાને લેતાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદીને તેઓના રુબરુ હાજર રહીને ફરીયાદ આપેલ નથી. ના.ઇજનેરશ્રીના પ્રતિનીધીએ લેખીત ફરીયાદ આપતા તે આધારે ફરીયાદ દાખલ કરેલ છે. ના. ઇજનેરશ્રીને આપવા માટે પો.સ્ટે. આવેલા. હાજર રહેલ પ્રતિનીધીનુ નામ ખબર નથી. ફરીયાદીએ તેમની નિમણુક અંગેનો ઓથોરીટી લેટર ફરીયાદ આપતી વખતે તેઓની પાસે રજુ કરેલ નથી. આ ફરીયાદ આવતા સાહેદે પી.આઇ.સાહેબને મૌખિક પુછેલ અને તેમના કહેવાથી આ ફરીયાદ રજીસ્ટર કરેલી.

**(૮.૮)** આમ, ઉપરોકત સાહેદોની જુબાની સંદર્ભે ઉંડાણ પુર્વકની ચર્ચા કરવામાં આવે તો, બનાવ સ્થળેથી વીજ ચોરીમાં વીજ વપરાશમાં ઉપયોગમાં લેવાયેલ ઇલેક્ટ્રીકટ સાધનો મુદ્દામાલ તરીકે કબજે લેવામાં આવ્યા હોય તેવું રેકર્ડ જોતાં જણાઇ આવતું નથી. બચાવપક્ષે સદર કામે વીજ વપરાશ સંદર્ભેનો મુદ્દામાલ કબજે લેવામાં આવેલ નથી. તેવો બચાવ લીધેલ છે. **નામદાર ગુજરાત હાઇકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિ. સાજીદભાઇ યાકુબભાઇ પીઠડીયા, ક્રિમીનલ અપીલ નં. ૧૧૭૯/૨૦૧૪ માં નામદાર ગુજરાત હાઇકોર્ટે પેરા-૧૩** માં નીચે મુજબનું અવલોકન કરેલ છે.

13. I have perused Sections-135 and 138 of the Act, which is not proved. Learned trial Judge rightly observed that as far as Section-135(3) is concerned, during the checking, no occupant or possession holder or any member of that family was present and list of seized things, is also not given to the possession holder and no signature was obtained and it is the mandatory provision, which in not followed by the complainant. The learned trial Judge further observed that the ownership and possession of that place is not proved and no panchnama was drawn and no statements of residents of that area are recorded. I have minutely perused the judgment and order of the learned trial Judge and evidence produced on record. I am in complete agreement with the judgment and order of the learned trial Judge. There is no

substance in the appeal and the arguments made by the learned Additional Public Prosecutor. Though learned Additional Public Prosecutor has tried to establish her case, but the court has not found any sufficient evidence to consider and entertain this appeal.

**(૮.૯)** વધુમાં આંક-૦૯ ના તપાસ કરનાર અમલદારે તા.૧૫/૦૭/૨૦૨૧ ના રોજ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ છે જે પંચનામું પણ ફરીયાદ પક્ષે પુરવાર થયેલ નથી. તપાસ કરનાર અમલદારશ્રીએ ગુનાવાળી જગ્યાએ જઇ આરોપી દ્વારા કઇ રીતે વીજ ચોરી આચરવામાં આવેલી તે અંગે સ્થળની આજુબાજુના રહેતા સ્વતંત્ર સાહેદોની તપાસ હાથ ધરી હોય તેવું તેમની જુબાનીમાં કે તપાસના કાગળોમાંથી ફલીત થતુ નથી.

**(૯)** આમ, ઉપરોક્ત ચર્ચા અને સંજોગો ધ્યાનમાં લેતાં તથા ફરીયાદપક્ષે રજૂ કરેલા એસેસમેન્ટને લગતા અન્ય આધાર પુરાવા ધ્યાને લઇએ તો પણ ગુનો અને ગુનેગારને જોડતી કડીઓ સુસ્થાપિત કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ ગયેલ છે. ઇલેક્ટ્રીસીટી એક્ટ-૨૦૦૩ ની કલમ-૧૩૫ મુજબ અનઅધિકૃત વીજ જોડાણના સંબંધમાં અદાલતે અનુમાન દોરવાનું રહે, પરંતુ આ કેસમાં અગાઉ ચર્ચા કરી તે પ્રમાણે બનાવ અરસામાં વીજ ચોરીવાળી જગ્યા આરોપીના કબજામાં હતી કે આરોપીએ તે અનઅધિકૃત પોતાના મકાનની આગળ થાંભલાથી જોડાણ કરીને વીજ ચોરી કર્યાનું વ્યાજબી શંકારહીત સાબિત થતુ ન હોય, ફરીયાદપક્ષની તરફેણમાં અનુમાન દોરવાનો સવાલ ઉપસ્થિત થતો નથી. આમ, ઉપરોક્ત ચર્ચા અને સંજોગો ધ્યાનમાં લઇએ તો આરોપી સામેના આક્ષેપ નિ:શંકપણે સાબિત થતા ન હોય, મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે તેમજ નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ટૂંક સમય પહેલા જ સ્પે. કોર્ટને ઇલેક્ટ્રીસીટી એક્ટની કલમ-૧૩૫ થી ૧૪૦ તથા ૧૫૦ ચલાવવાની સત્તા છે અને દીવાની રાહે પ્રસિધ્ધ થતી જવાબદારી માટે જ્યુરીશડીક્શન રહેલ નથી તેમ ઠરાવેલ છે. તેથી મુદ્દા નં. ૨ નિર્ણિત કરવાનો રહેતો નથી અને પુરાવો જોતાં આંક-૨૭ ના પંચનામાથી કબજે કરેલ મીટર તથા વાયરો ત.ક.અ.શ્રીને પંચનામાની વિગતે સોંપેલ હોઇ અને આરોપી તરફથી તે મુદ્દામાલ વાયરો માટે કોઇ ક્લેઇમ રજૂ કરેલ નથી તેથી તે મુદ્દામાલ મીટર તથા વાયરો યુ.જી.વી.સી.એલ.ને અપીલ સમય બાદ પરત સોંપવા ન્યાયી જણાય છે અને મુદ્દા નં. ૩ પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

**(૧)** આ કામના આરોપી **પ્રભુભાઇ સેંધાભાઇ ઠાકોર,** રહે. ગડસઇ, ચામુંડાવાસ તા.સાંતલપુર જી.પાટણ વાળાને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૩૫(૧)બી અન્વયે તેઓની સામેના જી.યુ.વી.એન.એલ. મહેસાણા પો.સ્ટે.સે.ગુ.ર.નં.૨૯૭૧/૨૦૨૦, ધી ઇન્ડી. ઇલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ની કલમ- ૧૩૫(૧) બી મુજબના ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

**(૨)** અપીલ સમય પૂર્ણ થયેથી નિયત સમય બાદ મુદ્દામાલ લાલ તથા કાળા કલરના વાયરો જી.યુ.વી.એન.એલને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આરોપીએ અગાઉ આપેલ બેઇલબોન્ડ આથી રદ કરવામાં આવે છે.

**(૪)** આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૭(એ) મુજબનાં રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) નાં જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા.

હુકમ આજરોજ તારીખ **૦૭ મી.** માહે-**માર્ચ** સને-**૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

તારીખ: ૦૭/૦૩/૨૦૨૬
મું.રાધનપુર, પાટણ

**(રાજકુમાર રામસિંહ ચૌધરી)**
એડીશનલ સેશન્સ જજ,
મું.રાધનપુર, જી.પાટણ.
જજ કોડ નં.જીજે-૦૧૫૧૨

***CAH***